| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSK060013792022 | દાખલ તારીખ | :– | ૦૪/૧૧/૨૦૨૨ | | |
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૦૪/૧૧/૨૦૨૨ | | |
| | ફેસલ તારીખ | :– | ૨૯/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૦૭ | ૨૫ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

## વિજયનગરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વિજયનગર, જી. સાબરકાંઠા

**ચુકાદાની તા.૨૯/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૧૨૬૮/૨૦૨૨**

**આંક:–**

### ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪એ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૯૦૫૭૨૨૦૩૫૭/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | ચિઠોડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **અજીતભાઈ લાલજીભાઈ નિનામા** ઉ.વ.આ.૪૨, ધંધો–ખેતી, રહે–પરવઠ, તા.વિજયનગર, જિ. સાબરકાંઠા |
| રજુઆત | વિ. વ. શ્રી બી. આઇ. લીમાણી |

**–:: નમૂનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૭/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૧/૦૭/૨૦૨૨ |

| | |
|---|---|
| ચાર્ઝશીટની તારીખ | ૦૪/૧૧/૨૦૨૨ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ૦૪/૧૧/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૦૭/૧૨/૨૦૨૨ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધર પકડ ની તારીખ | જામીન મુકત કર્યા તારીખ | તહોમત | શું નિર્દોષ / દોષિત | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજીતભાઇ લાલજી ભાઇ નિનામા | ૧૦/૦૮/૨૨ | ૧૦/૦૮/૨૨ | ભારતીય દંડ સંહિતા કલમ-૩૫૪એ મુજબ | **નિર્દોષ** | -- | -- |

**-:: નમૂનો-ક ::-**

**એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:-**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | આંક-૦૭ | ફરીયાદી સુશીલાબેન દિલીપભાઇ પાંડોરની જુબાની |
| (૨) | આંક-૦૯ | પંચ સાહેદ ભુરજીભાઇ કાવડાજી પાંડોરની જુબાની |
| (૩) | આંક-૧૨ | સાહેદ દિલીપભાઇ લક્ષ્મણભાઇ પાંડોરની જુબાની |

| | | |
|---|---|---|
| (૪) | આંક–૧૪ | ત.ક.અ. સંજયકુમાર રૂપાજી ડામોરની જુબાની |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૮ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૦ | ગુન્હાવાળી જગ્યાના પંચ સાહેદ નં.૨ના અવસાનનું પ્રમાણપત્ર. |
| (૩) | ૧૧ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | –– | –– |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | –– | –– |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | –– | –– |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | –– | –– |

## –: ઠરાવ :–

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૭/૨૦૨૨ ના કલાક ૧૪/૩૦ વાગ્યાના સુમારે મોજે લીંમડા ગામે ફરીયાદી બેનના ઘરની બાજુમાં આવેલ

તબેલામાં ફરીયાદીબેનની આબરૂ લેવાના ઈરાદે બાથમાં પકડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(એ) મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ ગુન્હાની તપાસ કરી હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

<u>**ન્યાયિક કાર્યવાહી :–**</u>

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક–૨ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવ્યા બાદ, આરોપીની આંક–૩ થી પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના–ક**માં **પત્રક–એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક–બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ દવારા પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધેલ છે. જેમા બચાવમા બીજા કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું અને સોંગદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ તથા તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, મે, સાહેબ, અમોએ આ કામના ફરીયાદીની નણંદ જોડે પ્રેમ લગ્ન કરેલ હોય તે બાબતે દવેશભાવ રાખી ખોટી હકીકત ઉભી કરી, ખોટી રીતે તેઓને ફસાવેલ છે. અમો નિર્દોષ છીએ.

(૫) ત્યારબાદ આરોપી સામેના કેસ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વક દલીલો સાંભળી.

(૬) હાલના કામે રજુ થયેલ તમામ પુરાવાઓને આધીન કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૭/૨૦૨૨ ના કલાક ૧૪/૩૦ વાગ્યાના સુમારે મોજે લીંમડા ગામે ફરીયાદી બેનના ઘરની બાજુમાં આવેલ તબેલામાં ફરીયાદીબેનની આબરૂ લેવાના ઈરાદે બાથમાં પકડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ (એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

(૯) **મુદ્ધા નં.૧ :–**

(૯.૧)હાલનાં કેસની ચર્ચા કરતા પહેલા સદરહુ કેસ સબંધે કેટલાક કાયદાઓની જોગવાઈઓ અને ફોજદારી કાયદાનાં સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય, તેની ચર્ચા કરવી ન્યાયિક જણાય છે. ફોજદારી કાર્યવાહી શાસ્ત્રનાં સિધ્ધાંતો અને ન્યાય તંત્રનાં સ્થાપિત સિધ્ધાંતો ન્યાય તંત્રનાં સ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાઓનું પુન: મૂલ્યાંકન શબ્દ પુરાવાનાં કાયદામાં વ્યાખ્યાબધ્ધ રીતે કરવામાં આવેલ નથી. તેમજ કાનૂની સબંધિત કોઈ નિયમ પણ નથી. પુરાવાઓનું મૂલ્યાંકન કેવી રીતે કરવુ, તે દરેક કેસની હકીકતો ઉપર આધારિત છે. પુરાવાઓનું મૂલ્યાંકન ભારતીય પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ "સાબિત" અને "નાસાબિત" વ્યાખ્યા ઉપર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાઓનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે અને ફરિયાદ પક્ષે પોતાની હકીકત

વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલ હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાઓનો બોજો કયારેય પણ આરોપી ઉપર ખસેડી શકાય નહી અને તેથી બચાવ પક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની હોતી નથી.

(૯.૨) હાલનાં કામે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ (એ) મુજબનાં ગુનાનું ત્હોમત છે. સદરહુ ગુનાનું ત્હોમત સાબિત કરવા ફરિયાદ પક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને ૧૦૩ મુજબ સચોટ પુરાવાઓ રજૂ કરીને આરોપી સામેનાં ગુનાનાં તત્વો પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર છે. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી વિરુધ્ધનાં ત્હોમતનાં ગુનાના તત્વો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાના હોય છે.

(૯.૩) સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો અને કાયદાકીય જોગવાઈઓની સાથે ચર્ચા કરી પુરાવાઓનું મૂલ્યાંકન કરીએ, તો આ કામનાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(એ) મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. ત્યારે આરોપી વિરુધ્ધનું સદર ગુનાનું તહોમત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે અને તે તત્વો શંકાથી પર પુરવા થાય, તો જ આરોપીને ઉપરોકત ગુનાની કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

**<u>કલમ–૩૫૪(અ) ના આવશ્યક તત્વો:–</u>**

ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૫૪ કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુન્હાહિત બળ વાપરવાનો ગુન્હો કરવા બાબત.

૧. ભોગ બનનાર કોઈ સ્ત્રી હોય

૨. આરોપીએ તેના ઉપર હુમલો કર્યો હોય અથવા બળનો ઉપયોગ કર્યો હોય.

૩. આવું કૃત્ય તેણીની લાજ લેવા અથવા આબરૂ લઈ શકાય તેવું જાણીને કર્યુ હોવું જોઈએ.

## –:: રજુ થયેલા પુરાવાની વિગત ::–

(૧૦) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે.

**ફરીયાદી/ભોગ બનનાર સાહેદની જુબાની:–**

(૧૦.૧) ફરીયાદપક્ષે આંક–૭ થી ફરીયાદી સુશીલાબેન દિલીપભાઇ પાંડોરને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તારીખ : ૨૦/૦૭/૨૦૨૨ના રોજ આ બનાવ બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હાજર હતી, તે વખતે બપોરના આશરે બે–અઢી વાગ્યાનો સમય હોઈ, તે વખતે તેઓના સસરાના ઘરે તેઓના નણંદ અને અજીતભાઈ – પરવઠ વાળાઓ મહેમાન તરીકે આવેલ હતા અને તેઓના સસરાના ઘરે આંબાની કેરીઓ પાડવાની હોઈ તેઓના નણંદ ત્યા બેહેલા હતા અને તે વખતે અજીત તેઓના ઘરે આવેલો અને તેઓને જણાવેલ કે, તમારે ગાય આપવાની છે, તેમ કહેતા તેમણે તેઓને જણાવેલ કે, ગાય તબેલામાં બાંધેલ છે તેમ કહી ગાય બતાવવા તેઓની જોડે ગયેલી અને ત્યા અચાનક જ આરોપીએ તેમને પાછળથી બાથ ભરીને પકડી લીધેલી. તેમણે તેઓને ધકકો મારી ઢાળીયામાંથી બહાર નીકળી ગયેલી અને તેઓએ બુમ પાડતાં ચંદાબેન ત્યા આવેલા, તે સમયે આરોપી ઢાળીયામાંથી બહાર નીકળી તેઓના સસરાને ત્યા ચાલ્યો ગયેલા અને આ તમામ હકીકત તેમણે ચંદાબેનને જણાવેલી અને ત્યાર બાદ તેઓના પતિ રાજકોટ હોઈ તેમણે તેઓને ફોન કરીને આ તમામ હકીકતો જણાવેલી. ત્યાર બાદ તેઓના પતિ સાંજના ૬–૦૦ વાગ્યે ઉપલેટાવાળી બસમાં બેસીને સવારે ૪–૦૦ વાગ્યે ઘરે આવેલા અને તેઓને આ તમામ હકીકત જણાવેલી. ત્યાર બાદ તેઓએ આરોપી વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવતાં, જે જોઈને

જણાવેલ છે કે, તેમાં ફરીયાદી તરીકે તેઓની સહી છે, તે જ છે, જે તેઓએ ઓળખી બતાવેલ છે, આરોપીને તેઓ ઓળખે છે, જે કોર્ટમાં હાજર છે, તે જ છે.

સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના પતિને ચાર બહેનો તથા બે ભાઈઓ છે. અજીતભાઈના પત્નિનું નામ 'નિતા' છે, જે તેઓની નણંદ છે. તેઓના નણંદ નિતાએ આરોપી સાથે ભાગીને પ્રેમ લગ્ન કરેલા છે. નિતાબેનને આરોપી સાથે લગ્ન થયે આશરે ૧૩ વર્ષ જેટલો સમય થયેલ છે. તેઓના નણંદ તથા તેઓના પતિ એટલે કે, આરોપી અવાર–નવાર પ્રસંગોપાત તેઓના ઘરે આવતાં હતા. તેઓને ઘણીવખતે તેઓને ત્યા રોકાવાનું પણ થતુ હતું. તેઓના નણંદ નિતાબેનને બે બાળકો છે. ૧૩ વર્ષ દરમ્યાન આરોપી સાથે તેઓને કોઈ બનાવ બનેલ નથી કે તેઓ વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલી નથી. આરોપીએ તેઓની નણંદ સાથે પ્રેમ લગ્ન કરેલા હોઈ, તેઓના સસરાને મન દુ:ખ થયેલુ. આ પ્રેમ લગ્ન તેઓના કુટુંબને ગમેલ નહીં. તેઓના તથા તેઓના સસરાના મકાન વચ્ચે આશરે ૧૫૦ ફુટ જેટલુ અંતર હશે.તેઓના મકાનની પૂર્વ દિશા તર્ફે રસ્તો આવેલ છે, જે રસ્તો ચામઠણ ગામ તરફ જાય છે. આ રસ્તો મૂકીને ભુરજી કાવડા અને મગન વાલજીનાઓના ખેતરો આવેલ છે. આ રસ્તે લોકોની અવર–જવર ચાલુ રહે છે. આ બનાવની જાણ તેઓએ તેમના સસરાને બનાવના બે–ત્રણ દિવસ પછી કરેલી. ભેંસો બાંધવાનું ઢાળીયું તેઓના ઘરની પાલી દિવાલની બીજી બાજુ આવેલ છે. તેઓના નણંદ જયા બેસેલા હતા તે આંબાનું ઝાડ બનાવવાળી જગ્યાએથી આશરે વિસેફુટ દૂર આવેલ છે. હવે જણાવુ છું કે, તે આશરે પચાસેક ફુટ જેટલુ દૂર આવેલ હશે. આ આંબાના ઝાડ પાસે તેઓના સસરા અને બીજા બેઠેલા હતા. હાલની ફરીયાદ ૧૦ દિવસ મોડી આપવામાં આવેલી છે. કુટુંબના બધા લોકોએ ભેગા થઈ ફરીયાદ આપવાનું નકકી કરતાં ફરીયાદ આપવામાં આવેલી. કુટુંબના બધા લોકો ભેગા

થઈને પોલીસને મળેલા. તેઓએ ફરીયાદ આપેલી અને પછી તેઓએ સહી કરેલી.

**પંચ સાહેદની જુબાની:–**

(૧૦.૨) ફરીયાદપક્ષે આંક–૯ થી પંચ સાહેદ ભુરજીભાઇ કાવડાજી પાંડોરને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૨૦.૦૭.૨૦૨૨ નાં રોજ એક છેડતીનો કેસ બનેલો તેમાં પોલીસે તેઓને લીમડા ગામે આ સુશીલાબેન દિલીપભાઈ પાંડોરનાં ઘરે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ લખવા બોલાવેલો. તેઓની સાથે અન્ય એક મકનાજી વીરજી પાંડોર હતા જેઓ ગઈ તા. ૦૫.૦૬.૨૦૨૫ નાં રોજ મરણ ગયેલ છે જેઓનુ મરણ પ્રમાણપત્રની નકલ રજુ રાખેલ. ત્યા સુશીલાબેન હાજર હોય તેમને જગ્યા બતાવેલી આ જે જગ્યા તેઓને બતાવેલી તે ભેંસો બાંધવાનુ ઢારીયુ હતુ તેની આજુબાજુ લક્ષ્મણ મંગળાજીનું ખેતર તથા તેઓનું મકાન તથા ખેતર અને સુશીલાબેનની આગળ ખુલ્લી જમીન આવેલી છે. સદર ઢાળીયામાં ગુનો બન્યા અંગેનુ સુશીલાબેન જણાવે છે. સદર ઢાળીયાની લંબાઈ પહોળાઈ ૧૪ x 12 છે તેના ઉપર પ્લાસ્ટિકનુ મીણીયુ ઢાંકેલુ. સદર જગ્યાએ પંચનામુ તા.૦૧.૦૮.૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલુ અને પંચનામાનો સમય અગિયાર થી સાડા અગિયારનાં અરસામાં થયેલો છે. તેઓને અસલ પંચનામુ બતાવવામાં આવતા, જે જોઈને જણાવેલ છે કે, જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી છે, તે જ છે, જે તેઓએ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની પાસે તેઓની જમીન આવેલ હોય જેથી આ જગ્યાની ભૌગોલિક પરિસ્થિતિથી તેઓ વાકેફ છે. આજુબાજુ આવેલ જમીનોમાંથી ઢાળીયુ જોઇ શકાય છે. તેઓને પંચમાં રહેવા પોલીસે બોલાવેલા. પોલીસ તેઓને ઘરે બોલાવા આવેલી. દિલિપ લક્ષ્મણ તેઓના દુરના કાકાના દીકરા થાય છે.

<u>સાહેદની જુબાની:–</u>

(૧૦.૩) ફરીયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ દિલીપભાઇ લક્ષ્મણભાઇ પાંડોરને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ <u>સરતપાસમાં</u> જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ મજુર કામે રાજકોટ મુકામે ગયેલ હતા. તેઓની પત્નિનો તેમની ઉપર ફોન આવતાં તેઓને આ વાતની જાણ થયેલી. તેઓની પત્નિએ તેઓને જણાવેલ કે, ''આપણા ઘરે બહેન તથા બનેવી અજીતભાઈ વિગેરેનાઓ મહેમાન તરીકે આવેલ હતા અને બીજા લોકો આંબા નીચે હતા અને આ અજીત મારા ઘરે મારી ઘરવાળી એકલી હોઈ આવેલો અને કહેલ કે, તમારી ગાય આપવાની છે, એટલે મારી ઘરવાળી એ કહેલ કે, હા આપવાની છે, જેથી તબેલામાં ગાય બતાવવા હું ગયેલી તો, મને પુછેલુ કે, છોકરાઓ કયા ગયા છે, તો મે કહેલુ કે, છોકરાઓ ટયુશન ગયેલા છે, જેથી અજીતે પાછળથી મને બાથ ભરી લીધેલી અને ઈજ્જત લેવાનો પ્રયાસ કરેલો, જેથી મેં બુમાબુમ કરતાં આ અજીત ત્યાથી ચાલો ચાલો કરીને જતો રહેલો, ત્યાર પછી મેં આ વાત મારી દેરાણીને કરેલી''. આવી હકીકત તેઓની ઘરવાળીએ તેઓને ફોન પર જણાવેલી. પોલીસે તેઓને જવાબ લીધેલો.

સદર સાહેદે તેઓની <u>ઉલટતપાસમાં</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>બનાવ તેઓએ નજરે જોયેલ નથી.</u> અજીતભાઈ તેઓના બનેવી થાય છે. <u>તેઓની બહેને અજીતભાઈ જોડે ભાગીને લગ્ન કરેલા છે. ભાગીને લગ્ન કરેલ હતા તે તેઓના કુટુંબ તથા સમાજના લોકોને ગમેલુ નહીં.</u> અજીતભાઈ તથા તેઓની પત્નિ તથા બાળક અવાર નવાર પ્રસંગોપાત તેઓના ઘરે આવતા હતા. પોલીસે તેઓનો જવાબ કઈ તારીખે લીધેલો તે હાલ ચોકકસ તેઓને યાદ નથી.

<u>તપાસ કરનાર અમલદારની જુબાની:–</u>

(૧૦.૪) ફરીયાદપક્ષે આંક–૧૪ થી ત.ક.અ. સંજયકુમાર રૂપાજી ડામોરને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ <u>સરતપાસમાં</u> જણાવેલ છે કે, ગઈ તા.૨૦/૦૭/૨૦૨૨ના રોજ પી.એસ.ઓ.

વિનોદભાઈ ધુળાજીનાઓ દ્વારા આ કામના આરોપી અજીતભાઈ લાલજીભાઈ નિનામાનાઓ વિરૂધ્ધ ફરીયાદી:સુશીલાબેન દિલીપભાઈ પાંડોરના ઓએ કલાક: ૧૪–૩૦ વાગ્યે લીમડા ગામે ફરીયાદણના ઘરના બાજુમાં આવેલ તબેલામાં આ કામના આરોપીએ ફરીયાદણ બહેનની આબરૂ લેવાના ઈરાદે બાથમાં પકડી ગુન્હો કરેલાની વિગતવારની ફરીયાદ આપતાં, પી.એસ.ઓ. દ્વારા ચિઠોડા પો.સ્ટે. ફ.ગુ.રજી.નં. ૩૫૭/૨૦૨૨ થી નોંધી આગળની તપાસ તેઓની તરફ ડેપ્યુટ કરતાં, તેઓએ આ ગુન્હાની તપાસ સંભાળેલી. તેઓને તારીખ:૩૧/ ૭/૨૦૨૨ની એક ફરીયાદ બતાવવામાં આવતાં, જેમાં ફરીયાદીની સહી છે, જે સાધનિક કાગળો સાથે તેઓને મળેલી તે જ છે, જે ઓળખી બતાવેલ છે. તેઓએ આ કામે તારીખ:૧/૮/૨૦ ૨૨ના રોજ ૧૧–૩૦ થી ૧૨–૦૦ દરમ્યાન ગુન્હાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલુ અને તેમાં પંચોની તથા રૂબરૂપણામાં તેઓએ સહી કરેલી છે, જે તેઓને બતાવવામાં આવતાં, તે જ છે, જે ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ તેઓએ આ ગુન્હાના કામે ફરીયાદણ બહેનના પતિ તથા ફરીયાદણના સાસુ–સસરા તથા અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો લખી લીધેલા. તેઓની તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓએ આરોપીને અટક કરેલ અને આરોપી વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી કોર્ટમાં હાજર છે, તે જ છે.

સદર સાહેદે તેઓની <u>ઉલટતપાસમાં</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે<u>, ફરીયાદીએ બનાવના દિવસે ફરીયાદ આપેલ નથી અને ફરીયાદ ૧૧ દિવસ બાદ આપવામાં આવેલ છે. </u>તેઓએ આ કામે સમાજના કોઈ વ્યક્તિઓના નિવેદન લીધેલા નથી. કહેવાતો બનાવ ઘરના પાછળના ભાગે આવેલ ઢાળીયામાં બનેલ હોવાની હકીકત ફરીયાદમાં જણાવેલ છે. <u>બનાવવાળી જગ્યા પાછળ આંબાનું ઝાડ આવેલ છે. આરોપીના પત્નિ તથા આરોપીના સસરા આંબાના ઝાડ પરથી કેરીઓ પાડતાં હતા.</u> બનાવાળી જગ્યાની નજીકમાંથી એક રસ્તો ચામઠણ ગામ તરફ જાય છે. આ રસ્તેથી લોકોની અવર જવર

રહે છે. તેઓએ ફરીયાદી તથા આરોપીના કુટુંબીઓ સિવાય <u>બનાવવાળી જગ્યાની આજુ બાજુના કોઈ વ્યક્તિના નિવેદન લીધેલા નથી.</u>ફરીયાદ તેઓની રૂબરૂ લેવામાં આવેલ નથી. ફરીયાદીએ ફરીયાદ કઈ રીતે અને કેવા સંજોગોમાં આપેલ તે સમયે તેઓ ત્યા હાજર ન હતો જેથી તેઓ તે જણાવી શકે નહીં. આ કામે ફરીયાદીનું તેઓએ કોઈ વધારાનું નિવેદન લીધેલ નથી.

(૧૧) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–5 જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે **ભારતીય પુરાવા અધિનિયમની કલમ 5 થી 55 મુજબ** તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–165 ના પ્રોવાઇઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"
આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact જે પુરવાર કરવામાં આવી છે તે માટે જ કરવામાં આવ્યું છે.

**(૧૨) રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકનઃ–**

ફરીયાદપક્ષે તપાસેલ ઉપરોકત સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ કામે આંક–૧૦ થી ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકારેલ કરેલ છે કે, આરોપીએ ફરીયાદીની નણંદ સાથે પ્રેમ લગ્ન કરેલ છે જેથી ફરીયાદીના સસરાને મન દુ:ખ થયેલું. આ પ્રેમ લગ્ન તેઓના કુટુંબને ગમેલ નહીં. એ હકીકતનો પણ સ્વીકારેલ કરેલ છે કે, ૧૩ વર્ષ દરમ્યાન આરોપી સાથે તેઓને કોઈ બનાવ બનેલ નથી કે તેઓ વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલી નથી. એ હકીકતનો પણ સ્વીકારેલ કરેલ છે કે, બનેલ આ બનાવની જાણ તેઓએ તેમના સસરાને બનાવના બે–ત્રણ દિવસ પછી કરેલી અને ફરીયાદ પણ ૧૦ દિવસ મોડી આપવામાં આવેલી છે અને કુટુંબના બધા લોકોએ ભેગા થઈ ફરીયાદ આપવાનું નકકી કરતાં ફરીયાદ આપવામાં આવેલાની હકીકત ફરીયાદીએ જણાવેલ છે. આમ, ફરીયાદીએ બનાવના બે દિવસ બાદ તેઓના સસરાને જાણ કર્યાની હકીકત જણાવે છે તેમજ ફરીયાદ પણ ૧૦ દિવસ મોડી કરેલાની હકીકત તેઓની જુબાની પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આમ ફરીયાદ ૧૦ દિવસ મોડી આપવામાં આવેલ છે જે ફરીયાદ અંગે શંકા ઉપિસ્થત થાય છે.

વધુમાં સદર ફરીયાદીએ પોતાની સરતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ તુરંત તેણીએ બુમ પાડેલ અને

તેઓના નણંદ ચંદાબેનને બનાવ અંગેની હકીકત જણાવેલી. પરંતુ સદર કામે ફરીયાદપક્ષ દવારા ફરીયાદીના નણંદ ચંદાબેનને સાહેદ તરીકે તપાસમાં આવેલ નથી.

આ કામે આંક-૦૯ વાળા સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવનું પંચનામુ કરવા માટે પોલીસે તેઓને બોલાવવા ઘરે આવેલ હતી તથા આ કામે આંક-૧૨ વાળા સાહેદ કે જેઓ ફરીયાદીના પતિ થાય છે જેઓ એ હકીકત સ્વીકારેલ છે કે,<u>બનાવ તેઓએ નજરે જોયેલ નથી.</u> અજીતભાઈ તેઓના બનેવી થાય છે.<u> તેઓની બહેને અજીતભાઈ જોડે ભાગીને લગ્ન કરેલા છે. ભાગીને લગ્ન કરેલ હતા તે તેઓના કુટુંબ તથા સમાજના લોકોને ગમેલુ નહીં.</u> અજીતભાઈ તથા તેઓની પત્નિ તથા બાળક અવાર નવાર પ્રસંગોપાત તેઓના ઘરે આવતા હતા. આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તપાસમાં આવેલ પંચ સાહેદ તથા સાહેદ બન્ને સાહેદોએ બનાવ નજરે જોયેલ હોય તેવું રજુ થયેલ પુરાવાઓ ઉપરથી સાબિત થતું નથી.

વધુમાં આ કામે આંક-૧૪ થી તપાસમાં આવેલ તપાસ કરનાર અમલદારે પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ બનાવના દિવસે ફરીયાદ આપેલ નથી અને ફરીયાદ ૧૧ દિવસ બાદ આપવામાં આવેલ છે. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, <u>તેઓએ આ કામે ફરીયાદીના સમાજના કોઈ વ્યકિતઓના નિવેદન લીધેલા નથી.</u> એ હકીકત પણ સ્વીકારેલ છે કે, કહેવાતો બનાવ ઘરના પાછળના ભાગે આવેલ ઢાળીયામાં બનેલ હોવાની હકીકત ફરીયાદમાં જણાવેલ છે. બનાવવાળી જગ્યા પાછળ આંબાનું ઝાડ આવેલ છે. આરોપીના પત્નિ તથા આરોપીના સસરા આંબાના ઝાડપરથી કેરીઓ પાડતાં હતા. બનાવાળી જગ્યાની નજીકમાંથી એક રસ્તો ચામઠણ ગામ તરફ જાય છે. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આ રસ્તેથી લોકોની અવર જવર રહે છે.<u> તેઓએ ફરીયાદીના કુટુંબીઓ સિવાય બનાવવાળી જગ્યાની આજુ બાજુના કોઈ વ્યકિતના નિવેદન લીધેલા નથી. </u>ફરીયાદીએ ફરીયાદ કઈ રીતે અને કેવા સંજોગોમાં

આપેલ તે સમયે તેઓ ત્યા હાજર ન હતા જેથી તેઓ તે જણાવી શકે નહીં. આ કામે ફરીયાદીનું તેઓએ કોઈ વધારાનું નિવેદન લીધેલ નથી. આમ, એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે કે, ફરીયાદીના સસરા અને તેઓના નણંદે બનાવના સ્થળેથી નજીકમાં જ હતા તેમ છતાં તેઓએ આ બનાવ નજરે જોયેલ હોય તેવી સ્પષ્ટ હકકીત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં કોઈપણ કેસમાં કેટલા સાક્ષીઓ છે એ મહત્વનું નથી. પરંતુ સાહેદોની જુબાની મહત્વની અને જરૂરી હોય છે. સદર કેસમાં ફરીયાદી દવારા જણાવવામાં આવેલ હકીકત ઉલટતપાસ જોતાં ફરીયાદીની જુબાની શંકાસ્પદ જણાઈ આવે છે. જેથી અન્ય હાજર સાહેદોની સમર્થનકારક જુબાની રેકર્ડ ઉપર આવવી જરૂરી છે. પરંતુ રેકર્ડ જોતાં ફરીયાદી દવારા આ કામના મહત્વના સાહેદો કે જેને બનાવ બન્યા પછી તરત જ બનાવ અંગેની જાણ કરવામાં આવેલ હતી. તેઓને ફરીયાદપક્ષ દવારા નામદાર કોર્ટ રૂબરૂ સાહેદ તરીકે ચાર્ઝશીટમાં નામ હોવા છતાં તપાસવામાં આવેલ નથી. આમ, બનાવની સદર સાહેદોને જાણ હોવા છતાં ચાર્ઝશીટમાં જણાવેલ સદર સાહેદોને ફરીયાદપક્ષ દવારા તપાસમાં આવેલ નથી .ઉપરાંત આરોપીને ફરીયાદી સાથે ૧૩ વર્ષ સુધી અન્ય કોઇ અણબનાવ બનેલ નથી કે આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ આપેલ નથી. ઉપરાંત ફરીયાદીના કુટુંબના લોકોએ ભેગા મળી ફરીયાદ આપેલી અને તેમાં ફરીયાદીએ સહી કરેલી તેવી હકીકતનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે.

વધુમાં આ કામે ચાર્ઝશીટમાં જણાવેલ સાહેદો પૈકી મહત્વના સાહેદ એવા લક્ષ્મણભાઈ મંગળાજી પાંડોર, ચંદાબેન લક્ષ્મણભાઈ પાંડોર, રત્નાજી બદાજી પાંડોરને તપાસમાં આવેલ નથી. ફરીયાદીની જુબાની જોતાં ફરીયાદ ૧૦ દિવસ મોડી આપવાનું કોઇ વાજબી કારણ પણ જણાવેલ નથી તથા આ કામના આરોપીએ ફરીયાદીની નણંદ સાથે પ્રેમ લગ્ન કરેલ જે તેમના સસરાને પસંદ ન હતું તેવું ખુદ ફરીયાદીએ સ્વીકારેલ છે. જેથી ફરીયાદીની જુબાની જોતાં ફરીયાદ

શંકાસ્પદ જણાઇ આવે છે. જેથી હવે અન્ય સાહેદોની જુબાની દવારા ફરીયાદને સમર્થન મળવું જરૂરી છે. પરંતુ સદર કામે ફરીયાદને સમર્થન મળે તેવા અન્ય કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદીની ફરીયાદ નિ:શંકપણે પુરવાર થતી નથી.

ઉપરોકત સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો, બનાવ કોઇએ નજરે જોયાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ તપાસના કામે પોલીસ દવારા માત્ર ફરીયાદીના સગા–સંબંધીઓના નિવેદનો લીધેલા છે. બનાવની જગ્યાના આજુબાજુના સાહેદોને ફરીયાદપક્ષ દવારા તપાસમાં આવેલ નથી તેથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, ઉપરોકત સાહેદોની જુબાનીથી આરોપી ફરીયાદી પાસે આવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદી બેનને બાથમાં લઈ લાજ લેવાનો પ્રયત્ન કરેલ હોય તેવી કોઈ હકીકત નિ:શંકપણે પુરવાર થતી ન હોય, હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૩) ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીએ ફરીયાદી સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો તેમની જુબાનીમાં જણાવતા ન હોય, આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(એ) મુજબના ગુન્હાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય, **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** આપીને **મુદા નં.૨** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **અજીતભાઈ લાલજીભાઈ નિનામા,** ઉ.વ. આ. ૪૨, ધંધો–ખેતી, રહે–પરવઠ, તા.વિજયનગર, જિ. સાબરકાંઠાનાઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦

ની કલમ–૩૫૪(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ:૨૯મી, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//